

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ગુસ્સાનો ઉભરો આવે જીભ સુધી, હોઠ સીવી લ્યો!
કુટુમ્બમાં અનુકૂલન સાધી જાતને ટેવી લ્યો!
ભીડી લ્યો બાથ સંપ સાથે દોડો ન પૈસા પાછળ -
જાણ છે કોને મોતની, આ ક્ષણ પ્રેમથી જીવી લ્યો!

### હાઈકુ

સમજો ભેદ
લોભી-કરકસરે
પાતળી રેખા...

હૃદયે પ્રેમ, ને
ચહેરા પર સ્મિત
સુખની રીત...

### ચિંતન

**યદદ્ય સૂર ઉદિતેઽનાગા મિત્રો અર્યમા ।**
**સુવાતિ સવિત ભંગઃ**

ઉપરોક્ત શ્લોક સામવેદમાંથી લેવામાં આવેલ છે.

પ્રાતઃકાળનો પ્રાણવાયુ સૂર્યોદયની પહેલાં નિર્દોષ રહે છે. આથી પ્રાતકાળે વહેલા ઉઠીને આ પ્રાણવાયુનું સેવન કરવું જોઈએ. એનાથી સ્વાસ્થ્ય અને આરોગ્ય સ્થિત રહે છે.

પરમાત્માએ પ્રકૃતિના કણેકણમાં, પાંદડામાં, ફૂલો અને ફળોમાં તથા પાણીના દરેક ટીપામાં આરોગ્ય ભર્યું છે. પ્રકૃતિની પાસે જીવનના સર્વાંગી વિકાસ અને શક્તિ માટે દરેક પ્રકારનાં સાધનો મોજૂદ છે. પ્રાતઃકાળની હવા સ્વાસ્થ્ય પ્રદ અને દોષમુક્ત હોય છે એને 'પ્રાણવાયુ' અને 'વીરવાયુ' પણ કહેવાય છે. પ્રકૃતિના આ વરદાનનો આપણે અવશ્ય લાભ લેવો જોઈએ. બધા પશુપક્ષીઓ બ્રહ્મમુહુર્તમાં ઊઠીને આ પ્રાણવાયુનું સેવન કરે છે અને કદી પણ બિમાર પડતાં નથી. મનુષ્ય માટે બ્રહ્મમુહુર્તમાં ઊઠવું તન, મન, બુદ્ધિ અને આત્મા બધાના માટે ખૂબ જ ઉપયોગી છે. એ શરીરમાં સંજીવની શક્તિનો સંચાર કરે છે.

### સુવિચાર

- સવાલ : હોટલો જોઈ મોંમાં પાણી આવે છે, કરવું શું??
  જવાબ : હોસ્પિટલો જોઈ લેવી, આંખમાં પાણી આવી જશે - **પરમ પૂજ્ય વિજયરત્નસૂરીજી**
- ઈશ્વરમાં મન ઉમેરાય એટલે મનુષ્ય થાય અને મનુષ્યમાંથી મનને બાદ કરો તો ઈશ્વર થવાય - **બોધિવૃક્ષ**
- દૂધ સાકર વિનાનું ચલાવી લેવાય પણ રાખવાળું શેં ચાલે?
  શબ્દો લાગણી વિનાના સ્વીકારી લેવાય પણ કડવાશ ભરેલા શેં ચાલે? - **અખંડ આનંદ**
- સત્ય વગર સંયમ, શુદ્ધિ, સંતોષ, સુખ-શાંતિ અને આનંદ શક્ય નથી - **ગાંધીજી**
- કેરીને પકડવા ટનબંધ જળસ્ત્રોત મદદમાં લેવામાં આવે તો પણ કેરી તેના સમયે જ પાકવાની - **એસ. ભટ્ટાચાર્ય**
- પરિશ્રમની ગેરંટી સાથે સર્વ પડકારો માટે પ્રવૃત્ત રહો,
  સુખ નામના મહેલના દરવાજા તમારા માટે સદા ખુલ્લા રહેશે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- આજનું ઔષધ : ટંકણખારના પાણીમાં પંજા બોળી રાખવાથી નખની આસપાસની ખંજવાળ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

યૂનાનના બાદશાહનો એક અત્યંત વિશ્વાસુ વજીર હતો. તે વજીક નેકદીલ અને ખુદાનો પાકો બંદો હતો. તે સૌને મદદ કરતો અને અને જટીલ વાતને પણ સરળતાથી પ્રેમપૂર્વક ઉકેલ લાવતો. તેના આવા વ્યવહારથી સૌ કર્મચારીઓ તથા પ્રજા ખુબ ખુશ રહેતા. એકવાર બાદશાહે કોઈક નજીવા કારણસર તેને કેદખાનામાં નાખ્યો વજીરે સૌ પર સારો વ્યવહાર રાખેલો એટલે સૌ કેદખાનાના કર્મીઓ પણ તેની સાથે સારું વર્તન કરતા. અને તેને કોઈ પ્રકારે પરેશાન કરતાં ન હતા. પડોશી રાજાને આ સમાચાર મળ્યા. એટલે તેમણે એક જાસુસને સંદેશ લઈ વજીર પાસે મોકલ્યો. જાસુસે કહ્યું, 'ભલે યુનાનના બાદશાહને આપની કદર નથી. જો તમે અમારી શરણમાં આવી જાઓ તો તમને પૂરા માન સન્માન આપવામાં આવશે. અમને પત્ર લખી જાણ કરજો.' જવાબમાં વજીરે પત્રલખ્યો. પણ તે પત્ર યૂનાનના બાદશાહ પાસે પહોંચ્યો. જપ્ત થયેલા પત્રમાં લખ્યું હતું કે 'આપે મારી પ્રશંસા કરી, તેને યોગ્ય હું મારી જાતને નથી સમજતો. તમારા શરણમાં આવી જવાની વાત મારા માટે સદૈવ અશક્ય છે. મારા બાદશાહે મને કેદમાં મોકલ્યો છે તો શું થયું. કદાચ મારી કોઈ વાત પર ગુસ્સે થયા તો શું આભ ટૂટી પડ્યું. બાદશાહે મને ખૂબ પ્રેમ આપ્યો છે. પ્રેમ આનનારને કોઈક વાર ગુસ્સો કરવાનો પણ હક્ક છે. આવી નાની વાત માટે શું હું બેવફાઈ કરું. હું તો મારા બાદશાહને માફ કરી ચૂક્યો છું.' બાદશાહે પત્ર વાંચી વજીરને દરબારમાં બોલાવ્યો અને ભર દરબારમાં પેલા ખુદાના બંદા વજીરની માફી માંગી. ત્યારે વજીરે કહ્યું, 'જહાંપનાહ, મારી પરેશાની માટે તમે ગુનેગાર નથી. એ તો અલ્લાહની મરજી હતી. કેવું સારું થયું કે આ કષ્ટ મને એવી વ્યક્તિના માધ્યમથી પ્રાપ્ત થયું જેણે મારા પર અઢળક અહેસાન કર્યા છે.'

# કોરોનાનો ભય આછરતાંની સાથે રાજકીય ગતિવિધિઓમાં તેજી

**તંત્રીસ્થાનેથી...**

કોરોનાની બીજી લહેર શમી રહી છે અને ત્રીજી ન આવે એ માટે કાળજી રાખવાની જરૂર છે. પરંતુ એ આવે તો પણ રાજકીય ગતિવિધિઓને લાંબો સમય અટકાવી શકાય એમ નથી. રાજકીય પાર્ટીઓ પોતપોતાનાં ઘર સરખાં કરવા સક્રિય બની ગઈ છે. ચોમાસા પૂર્વે ગ્રામ વિસ્તારોમાં નળિયાં સીંચવાની પ્રથા છે. નળિયાં સરખાં થાય તે જરૂરી છે, જેથી વરસાદ આવે ત્યારે ઘરમાં પાણી ચૂવે નહીં. રાજકીય પાર્ટીઓનાં નળિયાં અત્યાર લગીના ડખલપંચળમાં ઘણાં બધાં આઘાં પાછાં અને સખળડખળ થઈ ગયેલાં છે જેમાં ખુદ શાસક પાર્ટીની સ્થિતિ પણ સંતોષકારક નથી. ઉત્તરપ્રદેશમાં એ નળિયાં સરખાં કરવા માટે મુખ્યમંત્રી આદિત્યનાથની મરજી વિરુદ્ધ એ.કે. શર્મા જેવા મોદીના વિશ્વાસુ બ્યુરોક્રેટને નાયબ મુખ્યમંત્રી જેવી મોટી જવાબદારી સોંપાઈ રહી છે. બ્રાહ્મણ લોબીને વધુ મજબૂત કરવા કોંગ્રેસી બ્રાહ્મણ નેતાને કેબિનેટમાં સ્થાન આપવાની તૈયારી ચાલી રહી છે. પક્ષપલટાનો છોછ પક્ષપલટો કરનારને પણ નથી કે કરાવનારને તો બિલકુલ જ નથી. બલકે પક્ષપલટુઓના બળ ઉપર જ ભાજપ વધારે મજબૂત થઈ શકે એવી દૃઢ માન્યતા કદાચ સંઘ પરિવારે પણ સ્વીકારી લીધી છે. ગુજરાતનું ભાજપી તંત્ર વિવાદો વચ્ચે ઘરાયેલું છે એને સરખું કરવાની કવાયત આરંભાઈ છે. મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખની કાર્યશૈલી સામે પ્રદેશ પ્રભારી વરિષ્ઠ અગ્રણીઓ પાસેથી માહિતી અને ફરિયાદો મેળવી ચૂક્યા છે. મહારાષ્ટ્રમાં અઘાડી સરકાર જયાં સુધી શરદ પવારના સકંજામાં છે ત્યાં સુધી ભાજપના હાઈકમાન્ડનો ગજ વાગવાનો નથી. શિવસેના અલબત્ત, ભાજપની સૌથી જૂની સહેલી છે પણ એણે કોપભવનમાં બેસી કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસના ટેકાથી મહારાણી બનવાનું સપનું સાકાર કર્યું છે. જો કે મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ રાજયના મુખ્યમંત્રી પદે કોંગ્રેસી નેતાને જોવા આતુર છે પણ એમની એ મંશા પણ શરદ પવારના પ્રચંડ પડછાયા હેઠળ કયારેક બર આવવાની નથી. પવાર એક વાર વડાપ્રધાન તરીકેની યાદીમાં પોતાનું નામ લખાઈ જાય એવાં સપનાં જોતા રહ્યાં છે. કઠોર વાસ્તવ એ છે કે તેઓ માત્ર મહારાષ્ટ્ર પૂરતો પ્રભાવ ધરાવતી પ્રાદેશિક પાર્ટીના નેતા છે. 'ચૂંટણી માસ્તર' પ્રશાંત કિશોરે એમને ચાનક ચડાવી છે પણ જયાં સુધી રાહુલ ગાંધી સામે ચાલીને મરાઠા સરદારનું નેતૃત્વ સ્વીકારવાની જાહેરાત ન કરે ત્યાં સુધી એ બર આવે એમ નથી. કપિલ સિબ્બલે કોંગ્રેસને રાષ્ટ્રીય વિકલ્પ તરીકે વિકસાવા મજબૂર અને લોકસ્વીકૃત નેતૃત્વની જરૂર પર ભાર મૂક્યો છે. જેમ ખખડી ગયેલા વાહનનું ઓવરહોલિંગ જરૂર હોય છે એમ કોંગ્રેસને પણ ધરમૂળથી નવપલ્લવિત કરવાની જરૂર પર વિચાર કરવાની જરૂર છે. જો કે શેષનાગના ખજાનાવાળા ટીંબા સામે કોઈ બદદાનત નથી કરી શકતું એમ કોંગ્રેસના પ્રસ્થાપિત પારિવારિક અંકુશ વિરુદ્ધ ફક્ત ચણભણ જ થઈ શકે છે, નેતૃત્વ બદલવાની વાત તો દૂર, એને વધુ નબળી પાડવાના કારસા ચાલતા રહે છે. એક સમયમાં રાહુલના રાજકીય ગુરુ ('મેન્ટર') ગણાતા દિગ્વિજયસિંહે પાકિસ્તાની પત્રકાર સમક્ષ કોંગ્રેસ સત્તા પર આવશે તો કાશ્મીરની ૩૭૦મી કલમને બહાલ કરશે એવું નિવેદન આપીને પ્રજામાં કોંગ્રેસની રહી સહી ઈમેજ પર કાળો કૂચડો ફેરવી દીધો છે. કોંગ્રેસે ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં અને ૨૦૨૨ની ઉત્તરપ્રદેશની વિધાનસભાની ચૂંટણીમાં બેકફૂટ પર રહી પ્રાદેશિક પક્ષોને આગળ કરવા જેટલી ઉદારતા દાખવવાની જરૂર છે. એવી ઉદારતા કદાચ રાહુલ ગાંધી દાખવવા જાય તો પણ દિગ્વિજયસિંહથી લઈ કપિલ સિબ્બલ સુધીના નેતાઓ એ મુદ્દે સહમત નહીં થાય, કારણ કે એમની ઉંમર થઈ ગઈ છે અને ૨૦૨૪માં કોંગ્રેસના નેતૃત્વવાળી સરકાર ન સ્થપાય તો એમની મંત્રીપદું મેળવવાની મંશાનો ઘડો લાડવો થઈ જાય એમ છે. મમતા બેનરજી અને અખિલેશ-કેજરીવાલથી લઈ ઉદ્વવ ઠાકરે - ચંદ્રશેખર રાવ જેવા પ્રાદેશિક નેતાઓ એક મંચ પર આવે અને શરદ પવાર જેવા વરિષ્ઠ, અનુભવી અને કાર્યદક્ષ નેતાનું નામ આગળ ધરે તો જ મોદીનો વિજયરથ અટકાવી શકાય. બાકી તો એમની પાસે હિંદુત્વનું અયોધ્યા-કાશી-મથુરા વાળું કાર્ડ તૈયાર છે. કોમન સિવિલ કોડનો હુકમનો એક્કો પણ ખરા ટાંકણે ઉતરી શકાય એમ છે. અમેરિકા ઈચ્છે છે કે જમ્મુ-કાશ્મીરને રાજયનો દરજ્જો વેળાસર પાછો મળે અને ત્યાં ચૂંટણી યોજાય. ભાજપને એ માગણી સ્વીકારવી પણ પડે તોય શું? વળી દરેક રાજયમાં દલિત વોટોનું વિભાજન કરવા માટે 'બહેનજી' તો તૈયાર જ બેઠાં છે !

# દરેક વ્યક્તિ પોતાના માટે વિદ્યાર્થી છે - અને બીજા માટે શિક્ષક

**બ્લેક ટાઈગર**
જનક પટેલ

મારું નામ કાલીપ્રતાપ સિંહ છે. મોટાભાગે હું વનમાં રહું છું - એનું એક કારણ - કે હું ઔષધી બનાવું છું - વૈદ્ય છું. વૃક્ષો મારાં પ્રિય મિત્ર છે - દોસ્ત છે. એક મહિનામાં ૨૦ (વીસ) વૃક્ષો વાવવાં - તેનો ઉછેર કરવો તે મારો નિયમ છે. મારા પણ થોડાક મિત્રો છે - કયારેક તે મને જંગલમાં મળવા આવે છે. એક કચ્છી પટેલ - એક વેપારી - ધનાઢ્ય વ્યક્તિ મારો મિત્ર છે - કોરોનાકાળમાં મને ગિરનારમાં રાત્રે મળવા આવેલો કારણ કે સવારના ૬થી સાંજના ૬ હું મૌન રહું છું - ૬ ટુ ૬.

ઘણા સમય બાદ આ વખતે તેને મને કહેલું : કાલી, તને જોઈને મને પણ તારી જેમ વૃક્ષો ઉગાડવાની ઈચ્છા થાય છે વળી, આ વખતે તો કોરોનાકાળમાં કેટલાયનાં મૃત્યુ ઓક્સિજનના અભાવે થયાં છે - અને તેની કોઈ દવા નથી - એક જ ઉપાય છે - વૃક્ષ વાવો. જંગલ વધારો. ઓક્સિજનની ઉણપ પૂરી કરવા મોટા પ્રમાણમાં વૃક્ષો ઉગાડવાં જરૂરી છે - મારા કર્મચારી સ્ટાફમાં પણ - ચાર-પાંચ માણસ ઓક્સિજનના અભાવે મરણ પામ્યા છે - પણ મારી પાસે સમય નથી - ત્યારે મેં પણ મસ્ત જવાબ આપ્યો : હે દોસ્ત, તારી પાસે સમય નથી પણ પૈસા છે. તું પૈસાથી વૃક્ષો ઉગાડી શકે છે - ઉછેરી શકે છે - કોઈ એક ખેડૂત કે વ્યક્તિને 'પાંચ વૃક્ષ' જવાબદારી અને પૈસા આપ તે વૃક્ષો તારા ખાતામાં જમા થશે. કેટલાક કાર્ય આપણે જાતે કરી શકતા નથી. પણ બીજા પાસે કરાવી શકીએ છીએ. મારા જવાબની એના મન પર અસર થઈ કે શું એ તો રામ જાણે પણ એણે - મારા વિચારનો થોડાક દિવસ પછી અમલ પણ કર્યો. ૫ નહીં ૫૦૦ વૃક્ષોનાં ઉછેર મટેના પૈસા એક વ્યક્તિને આપ્યા કોઈકની રોજગારી પણ મળી. મને આનંદ થયો અને મેં કહ્યું પણ ખરું : મિત્ર, દરેક વ્યક્તિ પોતાના માટે વિદ્યાર્થી છે - અને બીજા માટે શિક્ષક ઔર સબસે બડા શિક્ષક એક સેલિબ્રિટી હોતા હૈ. 'ઓક્સિજનનો અભાવ' એ સમગ્ર સમાજનો - પ્રશ્ન છે.

દરેક વ્યક્તિએ વૃક્ષો વાવવાં પડશે - પોતાના ભવિષ્ય માટે - પોતાનાં બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે - આ - સામુહિક કાર્ય કરવું પડશે - મારે શું? એ સ્વાર્થવૃત્તિ હવે ચાલશે નહિ - કદાચ ! ના છૂટકે ભવિષ્યમાં સરકાર - વૃક્ષ સંબંધિત કાયદો પણ લાવી શકે છે - દરેક વ્યક્તિએ 'દસ વૃક્ષ' - વૃક્ષ ફરજિયાત ઉગાડવવાં - તેવો નિયમ પણ બની શકે છે - જયાં જુઓ ત્યાં 'કાર્ડ' સિસ્ટમ ચાલે છે - ભવિષ્યમાં 'ટ્રી' કાર્ડ પણ આવી શકે છે - વાત અને વિચારનો પણ અંત નથી - અને એટલામાં મારા સેલફોનની રીંગટોન રણકી : કાલી રે કાલી - હું સ્વામી વિવેકાનંદનો વિદ્યાર્થી Black Tiger છું - અને અમે છૂટા પડ્યા.

# દૂસરોં કા જખ્મ દેખકર અપના મરહમ લગતા હૈ

**વિચારયાત્રા**
ડો. જય ઓઝા



હમણાં સાંજે સાત-સાડા સાતે ઘર પાસેના સર્વિસ રોડ પર ઊભો હતો ત્યારે એક દશ્ય જોવા મળ્યું, ઘણીવાર કોઈ ઉપદેશ એવી રીતે મળી જાય છે, જે જીવનભર ભુલાતો નથી. કોઈ પ્રવચન દ્વારા કે કોઈ જ્ઞાનસભર પુસ્તકનો ઉપદેશ સમજવામાં મુશ્કેલ છે પણ તાદશ અનુભવ શીરાની જેમ ગળે ઊતરી જાય છે. રસ્તા પર અમે બે મિત્રો ઊભા હતા ત્યારે અમે જોયું કે રોડની બંને બાજુ લીમડાનાં ઝાડની જે હારમાળા છે, તેની ઉપર બે-ત્રણ છોકરાઓ ચડતા હતા, પહેરવેશ જોઈને ખબર પડી જાય કે આખો દિવસ મજૂરી કામ કરીને થાકીને પાછા આવ્યા છે. જિજ્ઞાસાપૂર્વક અમે તેમની ચેષ્ટા નિહાળતા હતા, અંધારું થઈ રહ્યું હતું અને આ લોકો અત્યારે ઝાડ ઉપર કેમ ચઢતા હશે ? પછી ખબર પડી કે ઉપર ઝાડની ડાળીએ ઊંચે તેઓએ એમની પોટલી બાંધી રાખી હતી, જેને સાંજ પડે તેઓ નીચે ઉતારતા હતા. સવારે કામ પર જતી વખતે સલામતી ખાતર પોતાનો બધો સામાન પોટલીમાં બાંધીને ઉપર ટીંગાડીને જતા રહે, સાંજ પડે પાછા આવીને તેમના એ સેઈફ ડિપોઝિટ વોલ્ટ જેવા વૃક્ષ પરથી એને નીચે ઉતારીને પથારી પાથરીને, આકાશને ચાદર અને જમીનને ડનલોપનું બિછાનું બનાવીને આરામ કરે.

તે બાળકને ઝાડ પરથી પોટલું ઉતારતા જોઈને જેમ અર્જુને અજ્ઞાતવાસમાં જતાં પહેલાં પોતાનાં હથિયારને પોટલામાં વીંટીને ખાખરાના વૃક્ષ પર મૂકી દીધાં હતાં અને પછી વિરાટ રાજ્યની રક્ષા માટે અજ્ઞાતવાસના અંતિમ દિને વૃક્ષ પર ચડીને તેનું ગાંડીવ ઉતારે છે, તે યાદ આવી ગયું.આ લોકો પણ રોજ સવારે પોટલું ઉપર મૂકીને અજ્ઞાતવાસમાં નીકળી પડે છે અને સાંજ પડે પોતાના અસલ વ્યક્તિત્વમાં પાછા આવીને પોતાનો સરંજામ ઉતારે છે. કેવી દયનીય પરિસ્થિતિ !

પુરુષો જ્યારે વૃક્ષ પરથી સામાન નીચે ઉતારતા હોય ત્યારે તેમની સ્ત્રીઓ નીચે જમીન સાફ કરીને ચૂલો માંડવાની તૈયારી પછી પાંચ રૂપિયાનું તેલ, પાંચ રૂપિયાનો લોટ, મીઠું, મરચું, શાક લાવીને રાંધે, ખાય, પીવે ને આખા દિવસનાં થાક્યાં પાક્યાં નિરાંતે આરામ કરે.

શ્રી મકરન્દ દવેની આ કાવ્ય પંક્તિઓ તેમના માટે જ ન હોય !

આજનું ભાણું આજ ને કાલની વાત કાલ માણસ જો ધારે તો પોતાની આસપાસ જ પોતાના કરતાં વધારે પીડાગ્રસ્ત વ્યક્તિઓના દૃષ્ટાંત મળી રહે. રેશમના ગાલીચામાં ઊંઘ ન આવે ત્યારે એ શેઠિયો જો એની બાલ્કનીમાંથી નીચે રસ્તા ઉપર જુએ તો ફૂટપાથને ડનલોપનું ગાદલું બનાવીને સૂતેલા ભિખારીને જોઈને કદાચ ઊંઘી શકે. પણ આવું થતું નથી... આપણું દુઃખ પહાડ જેવું દર્શાવીને લોકોની સહાનુભૂતિ મેળવવાની આપણી ઘેલછા ચરમસીમાએ પહોંચી છે.

માણસ સફળ થાય છે તેની સાથે બીજું ઘણુંબધું આવે છે. ત્યાં ટકી રહેવાનું ટેન્શન, તાણ, દબાણ, સફળતા મૃગજળ સમાન છે. ક્ષિતિજ છે, જેનો કોઈ દિવસ અંત નથી. તમે જે સ્થિતિ પર પહોંચ્યા છો ત્યાં જ રહેવા માટે તમારે સતત દોડતા રહેવું પડે છે, આપણે બધા દોડી રહ્યા છીએ, એક અનિશ્ચિત મંજિલને પામવા માટે. પ્રમોશન મેળવવા માટે ઓવરટાઈમ કરવો એ નવરાત્રીમાં અનુષ્ઠાન કરવા કરતાં વધુ જરૂરી છે. સફળતા, પ્રતિષ્ઠા, કીર્તિને મેળવવા માટેની દોડ અને પછી તેને ટકાવી રાખવાની હોડ. મજાની વાત એ છે કે આપણે દુનિયા બદલવા માગીએ છીએ, પણ દુનિયા આપણને જ બદલીને મૂકી દે છે. ધીમે-ધીમે આપણને પણ ખબર ન પડે તેમ બદલાવી નાખે છે. આપણે માથું ફોડીને મરી જઈશું તો પણ દુનિયા બદલાવાની નથી. જેમ ચાલે છે એમ જ ચાલવાની છે ! આમ જ ચાલતી આવી છે, આમ જ ચાલતી રહેશે.... આપણી નાનકડી બે મુઠ્ઠીમાં અસંખ્ય ઘોડાની લગામો ખેંચી રાખવાથી એ અટકશે નહીં. આપણને ખેંચી લેશે. આપણે કાંઈ જ બદલી શકવાના નથી. આ બધાંની સાથે, આ બધાની વચ્ચે આપણે જીવવાનું છે. તાલમેલ સાધીને રહેવાનું છે.

જીવનની અતિ તેજ ગતિમાં દોડભાગમાં જીવન જીવવું બાજુ પર રહી જાય છે અને રૂટિન બની જાય છે. બદલાતી ઋતુઓની આપણે નોંધ લઈ શકતા નથી, કારણ કે બદલાતા સેન્સેક્સ પર આપણું ધ્યાન વધુ હોય છે. બ્લડપ્રેશરના ઉતાર ચડાવ કરતાં ગોલ્ડની કિંમતના ઉતાર-ચડાવ પર વધુ ધ્યાન હોય છે. મોબાઈલની રિંગ બાથરૂમમાં શાંતિથી નાહવા પણ નથી દેતી. કોઈ પણ ખરાબી એક દિવસમાં નથી થતી. ભોજનની અનિયમિતતા, નાની નાની બાબતમાં હાથે કરીને લેવામાં આવતું ટેન્શન, ગુસ્સો, સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકારી આ બધાનો સરવાળો એટલે પછી ડાયાબિટીસ, બ્લડપ્રેશરની ટીકડીઓ, હાઈપર ટેન્શન, નર્વસ બ્રેકડાઉન, ડિપ્રેશન.

આપણા આવા સ્વભાવને દૂર કરવો પડશે. ટેન્શનની મજા લેવી પડશે. તેને દૂર કરવાની મથામણ છોડી તેને મજાથી માણીએ તો ટેન્શનને પણ ટેન્શન થઈ જશે. ટેન્શનની એક જ દવા છે મજા અને મજા ક્યાંય વેચાતી મળતી નથી. એને નાની ક્ષણોમાં પકડી પકડીને માણવાની છે. મજા નાની-નાની વાતમાં મળે છે. રવિવારે દાઢી કર્યા વગર મોડે સુધી સૂઈ રહેવાની મજા. ગટરલાઈનનું કામ ચાલતું હોવાથી ટેલિફોન લાઈન ઠપ થઈ જવાની મજા, અને મોબાઈલની બેટરી બગડી જવાની મજા.બાઈકમાં કે કારમાં છૈંસ્ન્ઈજીજી રખડ્યા કરવાની મજા. કાનમાં ઈયરફોન લગાવીને ટહેલવાની મજા. સૂર્યાસ્તને મન ભરીને જોવાની મજા. કોઈ પણ મોટાઈના ભાર વગર ચીલાચાલુ, ઘસાઈ ગયેલા ટુચકા પર પણ ખડખડાટ મુક્ત હાસ્ય રેલાવાની મજા.

લેખની શરૂઆતમાં મૂકેલ પ્રસંગનું તાત્પર્ય એટલું જ છે કે, લોકો કેવી કેવી મુશ્કેલીઓમાં જીવન જીવતા હોય છે. છતાં જીવનમાં ટેન્શન, થાક કે કંટાળો અનુભવતા નથી. જીવન માણે છે. આપણા અંકુશમાં કાંઈ જ નથી. તેથી ટેન્શન રાખવું નહીં. સ્વયં ટેન્શનને જ ટેન્શન આપવાની આવડત કેળવી લઈએ.

- jayuoza@gmail.com,
Mo.9898046488

# વ્યક્તિગત જન્મદિવસની ઉજવણીથી પ્રસન્નતાના દિવડા પ્રગટાવ્યા અને અજવાળા રેલાયા

**અજવાળું - અજવાળું**
તુષાર જોશી



શ્રી હનુમાનજી મહારાજ પ્રિય હો.
શ્રી સદગુરુ ભગવાન પ્રિય હો.
હર હર મહાદેવ હર..
ચાલો... હરિહર હરિહર...

ભક્તિભાવથી સમર્પિત આ શબ્દો હવામાં પ્રસરે અને "કૈલાસ પ્રસાદ યજ્ઞ" સ્થળે બે થી લઈને બોંતેર વર્ષ સુધીના લોકોને, એમનું સ્વમાન અને સન્માન સાચવીને પ્રસાદ વિતરણ થાય. આ યજ્ઞ યોજાયો અમદાવામાં રાજપથ કલબની નજીક આવેલા વૈભવ બંગલોઝના નૈસર્ગિક વાતાવરણમાં લીમડાના ઝાડની શીળી છાયામાં.

અહીં રહેતા રીટાબહેન ત્રિવેદી આર્થિક અને સામાજિક વૈભવ તો પરમાત્માની કૃપાથી પામ્યા જ છે, પરંતુ એમના સદગુરુ પૂજય મોરારિબાપુના આશીર્વાદ અને પ્રેરણાથી એમને સહજપણે મળ્યો છે ભક્તિ, ભજન અને ભરોસાનો વૈભવ. સંસ્કૃતિ અને સાહિત્યનો, સત્કર્મ અને સેવાનો, સૂર અને શબ્દનો, માણસાઈ અને શ્રી રામચરિત માનસ મહિમાનો, રામ મારા અંતરના આરામ... એ શબ્દોની અનુભૂતિનો વૈભવ.

એમનો જન્મ દિવસ ૧૭મેના રોજ. કોવિડ-૧૯ની મહામારીથી સમગ્ર દેશ ગ્રસિત છે ત્યારે એમને વિચાર આવ્યો કે પ્રવર્તમાન સ્થિતિમાં એક મહિનો લોકોને ભોજન કરાવી સેવા યજ્ઞ કરું. તારીખ ૧૧ મેથી તારીખ ૧૧ જૂન ૨૦૨૧ એક મહિનો "અન્ન એજ બ્રહ્મ" સુત્રને સાર્થક કરતો યજ્ઞ ચાલ્યો.

કુળના, માતા-પિતાના અને સદગુરુના સંસ્કારોથી તેમનો સમગ્ર પરિવાર સતત સેવાના સત્કર્મો કરતો જ રહે છે. લેખિકા, વકતા અને વાચિકમના કલાકાર એવા રીટાબહેન હંમેશા ખુશ રહે અને ખુમારી સાથે જીવે, પ્રસન્ન રહે અને પ્રેમમય જીવે, જન્મદિવસને "આપણી હયાતીનો ઉત્સવ" તરીકે ઓળખાવે. એમણે લખ્યું છે, "જર્જરીત નાપાક, અર્થહીન, તુચ્છ વિચારોને ન આવવા માટે ફરમાન કર્યું છે !!! માત્રને માત્ર સર્વોત્તમ, હકારાત્મક વિચારોને મારા આંગણામાં પ્રવેશ છે".

પ્રત્યેક ઉત્સવ તેઓ પરિવાર અને સ્વજનો સાથે તો ઉજવે જ, પરંતુ આ નિમિત્તે ગરીબોના-શ્રમિકોના જરૂરીયાતમંદોના ઘરે જઈને એમના જીવનમાં પણ ઉત્સવનો આનંદ વહેંચે. દીવાળીમાં ફટાકડા ને મીઠાઈ, મકર સંક્રાંતિમાં પતંગ ને દોરી, ધૂળેટીમાં ખજૂર-ધાણા, વહેંચીને રાજી થાય. દીકરા કેદાર અને પૂત્રવધુ શિવલની લગ્નતિથિએ ઘરમાં વેદપાઠ થાય, નવરાત્રી, ગુરુપૂર્ણિમા, ગણેશોત્સવ, શ્રાવણ મહિનો, રામનવમી, જન્માષ્ટમી, રક્ષાબંધન... એમ પ્રત્યેક તહેવારમાં પરમાર્થના-સેવાના સત્કર્મો થાય. સમગ્ર પરિવાર જીવનની પળપળને ઉત્સવમય બનાવે, પોતે ઉર્જાથી જીવે ને ઉલ્લાસનો ઉજાસ વહેંચે.

કૈલાસ પ્રસાદ યજ્ઞનાં આરંભે, રીટાબહેન બાળકોને સમજાય એ ભાષામાં વાતો કરે, ઉખાણા, સંસ્કૃત શ્લોક, બાળગીતો, રાષ્ટ્રપ્રેમના ગીતો, પ્રાર્થના ગુજરાતી, અંગ્રેજી કક્કો-એબીસીડી, અંક શાસ્ત્રના ગડીયા, બોધવાર્તા, દોહા-ચોપાઈ-ઓમ મંત્રનું ચેન્ટીંગ, ગરબા, યોગ – એકસરસાઈઝ... એમ વૈવિદયસભર માધ્યમોથી બાળકોમાં સંસ્કાર સિંચન થાય તેવી નોખી નોખી વિચારધારા ત્રીસ દિવસમાં પીરસાણી.

પછી બાળકોને અને ત્યાં પ્રસાદ માટે આવેલા સહુને જે પ્રસાદ પીરસાયો એની યાદી પણ એટલી જ ભાવપૂર્ણ છે. સંતોષ થાય એવા પેક લંચ ઉપરાંત જુદી જુદી જાતની દાળ, સાબુ, સેનેટાઈઝર-માસ્ક, લાડુ-ગાંઠીયા, મોહનથાળ, જાતજાતના આઈસક્રીમ, ફ્રુટ્સ અને ચોકલેટ્સ, રમકડાઓ, બેકરી આઈટમ્સ, પાણીપૂરી, ભેળ, છાશ, કેરી, મીઠાઈઓ... બધું જ ફૂડ હાઈજેનિક અને પ્રસાદ આપનાર કે લેનાર, બધ્ધા જ કોરોના સંબંધિત તમામ ગાઈડલાઈન્સનું પાલન કરે એની કાળજી લેવામાં આવી.

બાળકોને પ્રોત્સાહિત કરવા જાણીતી પાર્શ્વગાયિકા ઐશ્વર્યા મજમુદાર, અમરેલીના કવિ પ્રણવ પંડ્યા, ગુજરાતી ફિલ્મોના અભિનેતા હેમાંગ દવે, નાટ્યકાર ચિંતન પંડ્યા, જાદુગર વિરાટ પણ એક એક દિવસ આવ્યા. આનંદ આશ્રમ પાલડીના શ્રી પ્રદીપ મહારાજે આવીને આશીર્વાદ આપ્યા.

જાણીતા ભજનિક અને શ્રી બજરંગદાસ બાપાની જગ્યા બાપુનગરના શ્રી મુન્નાબાપુને ગીતો ગાવાનો અને મને બાળકો સાથે સાહજિકપણે વાતો કરવાનો નિયમિત અવસર મળ્યો.

કૈલાસ પ્રસાદ યજ્ઞની તમામ વ્યવસ્થામાં રીટાબહેનની દીકરી શીવાંગી અને જમાઈ નીલેશ તથા તેમના બાળકો રૂદ્રી અને રૂદ્ર, પુત્ર કેદાર અને પૂત્રવધુ શીવલ, રીટાબહેનના ભાઈ રાકેશભાઈનો પરિવાર સતત સાથે રહ્યા.

રીટાબહેન માટે પારિવારિક સભ્યો સમાન, રામકથાના શ્રોતાઓ એવા સર્વશ્રી પ્રફુલ્લ પટેલ, વત્સલ દીક્ષીત, ભાસ્કરભાઈ દવે, જયદેવભાઈ રાજયગુરુ, મુન્નાબાપુ, મીત, પ્રકાશભાઈ સોની, પ્રિયાંક સોની, સૌરભભાઈ ગૌસ્વામી, દશરથભાઈ શર્મા (દાસભાઈ), હરેશ પરમાર, જયરામભાઈ દેસાઈ, સંજયભાઈ દેસાઈ, ભાવેશભાઈ વારા, ભૈયાજી, મનીષા જોષી, દીપાલીબેન, કૈલાસબેન, મનાલીબેન અને મને પણ યજ્ઞમાં સેવારૂપી અર્ધ્ય આપવાનો અવસર મળ્યો ને સહુ અનહદ આનંદ પામ્યા. શુદ્ધ અને સમયસર ભાવપૂર્વક રસોઈ બનાવવાની તમામ વ્યવસ્થાઓ શ્રી લક્ષ્મણભાઈ, માણેકરામ મહારાજ, દેવીલાલ મહારાજ, શંકરલાલ, લાલુભાઈ, રાજુભાઈ, હીરાલાલ, મીનાબેન તથા જાગૃતિબેને સંભાળી.

આમ વ્યક્તિગત જન્મદિવસની ઉજવણીને સહુમા એક મહિના સુધી વહેંચીને રીટાબહેને પ્રસન્નતાના દિવડા પ્રગટાવ્યા અને અજવાળા રેલાયા.